જન્મભૂમિ
મુંબઈ, મંગળવાર, તા. ૧૦-૧-૨૦૧૭


# મણિ ભવનમાં 'ગાંધી ઇન બૉમ્બે-ટુવર્ડ્ઝ સ્વરાજ' પુસ્તકનું વિમોચન સંપન્ન

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૯ : "મહાત્મા ગાંધી અને મુંબઈ આ બન્ને પરસ્પર સંકળાયેલા અને પરસ્પરથી પ્રભાવિત રહ્યા છે. ગાંધીજીએ મુંબઈને નવી ઊર્જા આપી અને મુંબઈ ગાંધીજીને મહાત્મા થવાની તેમને યાત્રામાં એક મહત્ત્વનું સોપાન બની રહ્યું-પણ ત્યારે મુંબઈ મુંબઈ નહીં, બ્રિટિશ ઇન્ડિયાનું 'બૉમ્બે' હતું. 'ગાંધી ઇન બૉમ્બે -ટોવર્ડ્ઝ સ્વરાજ' પુસ્તક ગાંધી અને બૉમ્બે વચ્ચેના પ્રત્યાયનની રસભરી દસ્તાવેજી વિગતો અનેક સંદર્ભો અને અનેક દુર્લભ તસવીરો સાથે આવે છે'' મુંબઈના મણિ ભવનમાં આજે સાંજે 'ગાંધી ઇન બૉમ્બે-ટુવર્ડ્ઝ સ્વરાજ' પુસ્તકના વિમોચન પ્રસંગે વક્તવ્ય આપતાં યુકેની વેસ્ટમિન્સ્ટર યુનિવર્સિટીના માનદ્ પ્રોફેસર અને ગાંધી સ્કોલર ડૉ. ભીખુ પારેખે ઉપરોક્ત શબ્દો કહ્યા હતા. પુસ્તકનાં વિવિધ પાસાંઓ પર પ્રકાશ પાડતાં તેમણે ગાંધીજીના મુંબઈ પ્રત્યેના પ્રેમની, મુંબઈની આગવી મિશ્ર સંસ્કૃતિની અને મુંબઈએ ગાંધીજીનાં વિરાટ રાષ્ટ્રકાર્યો માટે વહેલી દાનની અખૂટ ધારાની વાત પોતાની વિશિષ્ટ શૈલીમાં કરી હતી.

મુંબઈ સાથે ગાંધીજીનો સંબંધ ૧૯૧૫માં ગાંધીજીના ભારત આગમનથી શરૂ થયો હતો. દાયકાઓ સુધી મુબઈ ગાંધીજીની પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું. ખિલાફત, સ્વદેશી, અહિંસક સત્યાગ્રહ, સાયમન ગો બૅક, હિન્દ છોડો જેવાં અનેક આંદોલનો મુંબઇમાં શરૂ થયાં હતાં. "આ પુસ્તકમાં હજારો લોકોએ ચોપાટીના દરિયાના પાણીમાંથી કેવી રીતે મીઠું પકવ્યું હતું, એલ્ફિન્સ્ટન મિલના કમ્પાઉન્ડમાં વિદેશી કાપડની મોટી હોળીઓ થતી, મુબઈના માર્ગો ખાદીધારી સ્ત્રી-પુરુષોથી ઉભરાતાં, મુંબઈની મહિલાઓ દારૂની દુકાનો પર પિકેટિંગ કરતી, ત્યારના મોટા નેતાઓથી માંડી સામાન્ય માણસ સુધી ગાંધીજી કેવી રીતે પહોંચતા તેની મહત્ત્વની વિગતો છે'' પોતાના વક્તવ્યમાં નહેરુ સેન્ટરના ચીફ એક્ઝિક્યૂટિવ સતીષ સહાનીએ ઉપરોક્ત શબ્દો કહ્યા હતા. સ્ક્રોચ ઇનના એડિટર નરેશ ફર્નાન્ડિઝે તે કાળમાં મુંબઈમાં આવેલા પોલીસ નિરાશ્રિતો અને તેમના સંગીત પરની ગાંધીજીની અસરને વર્ણવતાં કહ્યું હતું કે ગાંધીજીને મહાત્મા બનાવવામાં મુંબઈની એક ભૂમિકા છે.

મણિ ભવનના સેક્રેટરી યોગેશ કામદારે સર્વનો આભાર માનતાં ગાંધીજી અને મુંબઈના સંબંધને એક બહુ સાંસ્કૃતિક શહેર અને એક બહુઆયામી પ્રતિભાના સંયોજન તરીકે વર્ણવ્યો હતો.

આ પુસ્તક ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા પ્રકાશન થયું છે, જેના ડાયરેક્ટર સુગતો ઘોષ અને કમશનિંગ હેડ રેખા નટરાજન આ પ્રસંગે ઉપસ્થિત હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓમાં મુંબઈના પોલિસ કમિશનર દત્તા પસલગીકર, ભૂતપૂર્વ ચીફ ઑફ રૉ બાલાચંદ્રન, ભૂતપૂર્વ મ્યુનિસિપલ કમિશનર શરદ કાળે, 'પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ'ના ચૅરમૅન એકનાથ ક્ષીરસાગર, 'પારસીઆના' મૅગેઝિનના ઍડિટર-પબ્લિશર જહાંગીર પટેલ, વિદેશવાસી ગુજરાતી સાહિત્યકારો નટવર ગાંધી અને પન્ના નાયક સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત હતા. ડૉ. ઉષા ઠક્કર અને સંધ્યા મહેતાએ આ પુસ્તકના લેખનનું એક યાદગાર અને પ્રેરણાદાયક અનુભવ તરીકે વર્ણન કર્યું હતું.

માર્ટિન લ્યૂથર કિંગથી માંડી ઓબામા સુધીના મહાનુભાવો ભારત આવે ત્યારે મણિ ભવનની મુલાકાત અચૂક લે છે, કારણકે મણિ ભવન ૧૯૧૭થી માંડી ત્રણેક દાયકા સુધી ગાંધીજીની રાષ્ટ્રવ્યાપી પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું હતું. આ સ્થળે આ પુસ્તકનું વિમોચન અને તે પણ મણિ ભવનમાં ગાંધીજીના આગમનના શતાબ્દી વર્ષે થાય એ એક સુંદર યોગાનુયોગ છે, એવું કહી આ બન્ને લેખિકાઓએ પુસ્તકની રૉયલ્ટી મણિ ભવનને સમર્પિત કરવાની જાહેરાત કરી હતી.